આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-19-07-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## મુ.મંત્રી ભૂપેન્દ્ર પટેલ – ચાંદીપુરા વાયરસ અંગે બેઠક

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ચાંદીપુરા વાઇરસની સ્થિતિ અને રોગચાળા નિયંત્રણ અંગેના પગલાંઓની સમીક્ષા બેઠક કરી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીએ રાજ્યના મહાનગરપાલિકાના કમિશનરો, જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરીને તેમના જિલ્લાની કામગીરીની વિગતવાર માહિતી મેળવી હતી.

આ બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે લોકોને ચાંદીપુરમ રોગથી ન ડરવાની અપીલ કરતાં જાણકારી આપી કે, આ રોગ ચેપી નથી, પરંતુ તે માટે સાવચેતી રાખવી જરૂરી છે.

શ્રી પટેલે જણાવ્યું હતું કે, 40 શંકાસ્પદ ચાંદીપુરમના નોંધાયેલા કેસમાંથી 27 બાળકોના મોત થયા છે અને આરોગ્ય વિભાગે ચાંદીપુરા વાઇરસ અંગે એક માર્ગદર્શિકા જાહેર કરી છે. કચ્છ જિલ્લામાં હાલમાં કોઈ ચિંતાજનક સ્થિતિ નથી અને કોઈ કેસ પણ જોવા મળ્યો નથી. આ વાયરસને લઈને કચ્છ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્વે હાથ ધરાયો છે.

**RNU અમદાવાદ**

---

## ભુજ- નલિયા – રેલવે લાઈન નિરીક્ષણ

રેલવે વિભાગ દ્વારા ભુજથી નલિયા સુધી રેલવે લાઈન પાથરવામાં આવી છે. તે રૂટ પર આવતા વિવિધ રેલવે સ્ટેશન તૈયાર થઈ ગયા છે. તદઉપરાંત ભુજથી નલિયા રેલવે લાઈન સંપૂર્ણ તૈયાર થઈ જતાં ગઈકાલે મુંબઈથી આવેલી ખાસ ટીમ દ્વારા દેશલપરથી સણોસરા 25 કિલોમીટર રેલવે લાઈન પર પેસેન્જર ટ્રેન દોડાવીને નિરિક્ષણ કર્યું હતું. આગામી સમયમાં સણોસરાથી મોથાળા, મોથાળાથી કોઠારા અને કોઠારાથી નલિયા રેલવે ટ્રેકનું નિરિક્ષણ કરવામાં આવશે.

**આરતી ભટ્ટ / N.P**

---

## સરહદ ડેરી – દૂધના અંતિમ ભાવનું ચુકવણું

કચ્છ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા ગઈકાલે અંતિમ ભાવના ચુકવણાના ભાગરૂપે 3.76 કરોડ રૂપિયા દૂધ મંડળીઓ મારફતે ચુકવવામાં આવ્યા હોવાના અહેવાલ છે. વર્ષ 2023-24 દરમ્યાન 74 દૂધ મંડળીઓ સાથે સંકળાયેલા 6 હજાર 800 જેટલા પશુપાલકોને 3 કરોડ 76 લાખ રૂપિયા અંતિમ ભાવરૂપે મંડળીના દૂધ બિલમાં ચુકવાયા છે.

**આરતી ભટ્ટ / N.P**

---

## હવામન વિભાગ - વરસાદ

હવામાન વિભાગ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદને જોતા રેડ અલર્ટ, જ્યારે દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે રાજ્યની સાથે કચ્છમાં પણ હજુ ત્રણ દિવસ હળવાથી મધ્યમ તો કેટલાક સ્થળે ભારે વરસાદની આગાહી કરી છે. ગઈકાલે સવારથી ભારે ઉકળાટ બાદ ભુજ સહિત અન્ય તાલુકાઓમાં ગાજવીજ સાથે જોરદાર વરસાદના ઝાપટા પડ્યા હતા. અને પાણી વહી નિકળ્યા હતા. કચ્છના તીર્થધામ નારાયણ સરોવર, અબડાસા તેમજ

જખૌ ખાતે ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. તેમજ માંડવી, નખત્રાણા, ભુજ, નલિયા પંથકમાં અડધાથી દોઢ ઈંચ મેઘ મહેર થઈ હતી. હાલમાં પણ ભુજ અને આજુબાજુના વિસ્તારમાં વરસાદી ઝાપટું શરૂ થયું છે.

**આરતી ભટ્ટ / N.P**

---

## આર્મી દ્વારા ખાવાડ – મેડિકલ કેમ્પ

ગ્રામીણ વિસ્તારમાં લોકોનું સ્વાસ્થ્ય જળવાય અને જરૂરી દવાઓ તથા સારવાર ઉપલબ્ધ થાય તે હેતુથી ભુજ સ્થિત આર્મીના બાલ્ડ ઈગલ બ્રિગેડ દ્વારા તાલુકાના ખાવડા ખાતે મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું, જેમાં 200 દર્દી જોડાયા હતા, તો પ્રાથમિક - જુનિયર શાળાના 150થી વધુ બાળકોની તબીબી તપાસ કરાઈ હતી. ઉપરાંત જીવન બચાવ કૌશલ્યો અંગે માર્ગદર્શન અપાયું હતું. કેમ્પનું ઉદ્ઘાટન બાલ્ડ ઈગલ બ્રિગેડના કમાન્ડર બ્રિગેડિયર સોનેંદર સિંઘ, સેના મેડલ દ્વારા કરાયું હતું, જેમાં ગામના સરપંચ અને શાળાના શિક્ષકો જોડાયા હતા.

**આરતી ભટ્ટ / N.P**

---

## ગાંધીધઆમ – કામાખ્યા ટ્રેનના ડબ્બામાં આગ

ગાંધીધામથી કામખ્યા સુધીની ટ્રેન આસામ પહોંચ્યા બાદ ડબ્બામાં આગ લાગી જતાં ગભરાટ ફેલાયો હતો. કર્મચારીઓએ સમયસૂચકતા વાપરીને મોટી દુર્ઘટના બનતાં અટકાવી હતી. સુત્રોના જણાવ્યા અનુસાર ગાંધીધામથી કામખ્યા જતી એક્સપ્રેસ ટ્રેન આસામના બોંગઇગાંવ ગામ પાસે પહોંચી હતી ત્યારે એકાએક યાંત્રિક ખામીને કારણે ડબ્બામાં આગ લાગી હતી. આ ઘટનાની જાણ થતાં રેલવેના કર્મચારીઓ એકઠા થઇ ગયા હતા. ત્યારબાદ આગ પર કાબૂ મેળવી પ્રવાસીઓના જીવ બચાવ્યા હતા.

**આરતી ભટ્ટ / N.P**

---